# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 06-02-2026 Day: Friday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **વિરલ રાણા** વાંચે છે.

---

## PM-પરીક્ષા પે ચર્ચા:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 10 વાગ્યે "પરીક્ષા પે ચર્ચા" ના 9મા સંસ્કરણમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરશે. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય પરીક્ષાના તણાવ પર ચર્ચા કરવાની સાથે પરીક્ષાને ઉત્સવ અને જીવનના અભિન્ન ભાગ તરીકે ઉજવવાનો છે. આ વર્ષે રાજ્યના દેવમોગરા, સહિત કોઈમ્બતુર, રાયપુર, ગુવાહાટી અને દિલ્હીના 7, પરીક્ષાર્થી સાથે સત્રો યોજાશે.

આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ દૂરદર્શન, પ્રધાનમંત્રીની યુટ્યુબ ચેનલ અને શિક્ષણ મંત્રાલયના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ "પરીક્ષા પે ચર્ચા" માં જોડાવા માટે સૌને આમંત્રણ આપ્યું છે.

-------------------------------------------------------------------------------------

## કેન્દ્રીય સહકાર મંત્રી-ભારત ટેક્સી:

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે નવી દિલ્હીમાં ભારત ટેક્સી, ભારતના પ્રથમ સહકારી-આધારિત રાઇડ-હેલિંગ પ્લેટફોર્મનું શુભારંભ કર્યો . ભારત ટેક્સી એ કમિશન-મુક્ત અને વધારા-મુક્ત ભાવો મોડેલ પર કાર્ય કરે છે, જેમાં ડ્રાઇવરોને નફાનું સીધું વિતરણ થાય છે, જે વિદેશી રોકાણ-આધારિત એગ્રીગેટર પ્લેટફોર્મનો સ્વદેશી વિકલ્પ રજૂ કરે છે.

આ પ્રસંગે, ઓપરેશનલ ઇન્ટિગ્રેશન, ડિજિટલ સશક્તિકરણ, સુરક્ષા અને સેવા વિતરણને મજબૂત બનાવવા માટે મુખ્ય જાહેર અને ખાનગી હિસ્સેદારો સાથે નવ એમઓયુનું વિનિમય કરવામાં આવ્યું હતું

---

## સંરક્ષણ સચિવ મુલાકાત:

કચ્છમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે આર્મીના વરિષ્ઠ અધિકારીઓ સાથે બેઠક કરી ક્રીક વિસ્તાર, સંયુક્ત નિયંત્રણ કેન્દ્ર અને બહુ એજન્સી કવાયત ‘તટરક્ષા’નું નિરીક્ષણ કર્યું હતું. જેમાં ટ્રાઇ સર્વિસ જોડાણ, આધુનિક માળખાગત વિકાસ તેમજ સૈનિક ક્ષમતા નિર્માણ પહેલોની સમીક્ષા કરાઈ હતી.

સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહ ભુજની મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેઓની મુલાકાત દરમિયાન તેમણે સધર્ન કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ ઇન ચીફ લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠ તથા કોણાર્ક કોર્પ્સના વરિષ્ઠ અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તેઓએ ક્રીક સેક્ટરના આગળના મથકોની મુલાકાત લઈ ઓપરેશનલ તૈયારીઓ અને વિકાસ પહેલોની માહિતી મેળવી હતી. દરમિયાન, સંરક્ષણ સચિવને ભારતીય સેનાના બદલાવના દાયકા રોડમેપ સાથે સુસંગત રીતે હાથ ધરેલી વિવિધ પહેલ વિશે માહિતી આપવામાં આવી હતી. જે ભારતીય સેનાને ટેકનોલોજીકલી અદ્યતન, લડાઇ માટે તૈયાર દળમાં રૂપાંતરિત કરવા માટે રચાયેલ છે અને વિવિધ કાર્યક્ષેત્રની કામગીરી હાથ ધરવા સક્ષમ છે.

મુલાકાતના ભાગ રૂપે, સંરક્ષણ સચિવે સંયુક્ત નિયંત્રણ કેન્દ્રની મુલાકાત લીધી, જે સેનાની ત્રણેય પાંખો, ભારતીય કોસ્ટ ગાર્ડ, બીએસએફ અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા સંયુક્ત રીતે સંચાલિત છે.

---

## મહિલા પ્રીમિયર લીગ:

મહિલા પ્રીમિયર લીગની અંતિમ મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલોરની ટીમે રસાકસી ભર્યા જંગમાં દિલ્હી કેપિટલ્સની ટીમને 6 વિકેટે હરાવી બીજી વાર ખિતાબ જીતી લીધો છે. વડોદરાના કોટંબી સ્ટેડિયમ પરની મેચમાં દિલ્હીની ટીમના 4 વિકેટે203 રનના જવાબમાં બેંગલોરની ટીમે 4 વિકેટે 204 રન કરી મેચ સાથે ખિતાબ જીતી લીધો હતો. સુકાની સ્મૃતિ મંદાનાએ 87 અને જ્યોર્જિયા વોલએ 79 રન કર્યા હતા. એ  અગાઉ દિલ્હીની ટીમે 4 વિકેટ ગુમાવી 203 રન કર્યા હતા સુકાની જેમી માં રોડરીગ્સ ના 57 રન મુખ્ય હતા.

---------------------------------------------------------------------------------------------------

## અંડર-19-વર્લ્ડ કપ:

અંડર-19 વર્લ્ડ કપની ફાઈનલ મેચ આજે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાશે. મેચ હરારેના મેદાન પર બપોરે 1 વાગ્યાથી રમાશે. સ્પર્ધાના ઈતિહાસમાં સૌથી સફળ ભારતીય ટીમની નજર છઠ્ઠી વખત ટાઈટલ જીતવા પર રહેશે.ભારતીય ટીમ એકેય મેચ હાર્યા વિના ફાઈનલમાં પહોંચી છે. આ તેની દશમી ફાઈનલ રહેશે જેમાંથી પાંચ વખત ટાઈલ જીત્યુ છે.

---------------------------------------------------------------------------------------------------

## સારણ ગામ ખાતે કૌશલ્યવર્ધન તાલીમ-આશાપુરા ફાઉન્ડેશન:

આશાપુરા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ સંચાલિત આશાપુરા ફાઉન્ડેશન દ્વારા લખપત તાલુકાના સારણ ગામ ખાતે કૌશલ્યવર્ધન તાલીમ કાર્યક્રમનો શુભારંભ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ગામના યુવાનો અને યુવતીઓને આત્મનિર્ભર બનાવવાનો છે. આ તાલીમ કાર્યક્રમ અંતર્ગત ભાઈઓ માટે વાયરમેન તાલીમ અને બહેનો માટે સીવણ તાલીમ વર્ગો શરૂ કરવામાં આવ્યા છે.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ કચ્છમાં વિષમ વાતાવરણના પ્રભાવ સાથે જરાક ગરમીનું પ્રમાણ જોવા મળ્યું હતું. ગઈકાલે ભુજમાં 16.8 તો નલિયામાં 13.8 લઘુતમ તાપમાન તો અન્ય 15 ડિગ્રીની આસપાસ નોંધાયું હતું. શિયાળાની વિદાયનો અણસાર આપતું હવામાન અનુભવાયું હતું. જીલ્લા મથક ભુજમાં ઉત્તર-પૂર્વ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ફૂંકાયેલા પવનને પગલે ગરમી અનુભવાઈ હતી. દરમ્યાન વાગડ પંથક, રણકાંધીમાં ગામોમાં રાત ઠરી હતી.

---